ॐ

॥ तस्य वाचकः प्रणवः ॥

# ઋતમ્ભરા

**આત્મનો હિતાય જગતઃ સુખાય**




વર્ષ - ૩૯ (જાન્યુ., ફેબ્રુ., માર્ચ) માનદ્ તંત્રી : મિનિષ પટેલ

VOL - 39, 2023-24 ISSUE-III Published on Every 3 Months

'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

॥ ॐ ॥
॥ तस्य वाचकः प्रणवः ॥

# ઓમ્ પરિવારના ઉત્સવ-૨૦૨૪

| કયા પ્રસંગ નિમિત્તે | સ્થળ | ઊજવવાની તારીખ |
|---|---|---|
| પ.પૂ. ગુરુદેવશ્રી નિર્વાણ દિવસ | જ્યાં નક્કી થાય ત્યાં | ૨૪-૦૨-૨૦૨૪<br>શનિવાર<br>સવારે ૧૦ થી ૧ |
| મહાશિવરાત્રી નિમિત્તે | કુસુમ હરનાથ મંદિર,<br>અમરેશ્વર મહાદેવની સામે, વારાહી દરવાજા,<br>ઉમરેઠ-ડાકોર રોડ, મુ. ઉમરેઠ, જિ. આણંદ | ૧૦-૦૩-૨૦૨૪<br>રવિવાર<br>સવારે ૧૦ થી ૨ |
| હનુમાન જયંતી નિમિત્તે | અનિલભાઈ ગોવિંદભાઈ એન. પ્રજાપતિ<br>સી ૧/૧, ભદ્રેશ્વર સોસાયટી<br>અંકુર ચાર રસ્તા, નારણપુરા, અમદાવાદ-૯ | ૨૮-૦૪-૨૦૨૪<br>રવિવાર<br>સવારે<br>૮.૩૦ થી ૧૧ |
| ગુરુપૂર્ણિમા | જ્યાં નક્કી થાય ત્યાં | ૨૧-૦૭-૨૦૨૪<br>રવિવાર<br>સવારે ૮ થી ૨ |
| ઓમ્ ગુરુદેવ જયંતી | જ્યાં નક્કી થાય ત્યાં | ૨૬-૧૦-૨૦૨૪<br>શનિવાર<br>૪.૩૦ થી ૮ |
| બેસતુ વર્ષ | સુમન સજની હૉલ<br>સોમેશ્વર મહાદેવ પાસે, હિરાભાઈ ટાવર પાસે,<br>ભાડવાતનગર, મણીનગર, અમદાવાદ-૮ | ૨-૧૧-૨૦૨૪<br>શનિવાર<br>સવારે ૮ થી ૯ |
| શ્રી ગુરુદેવ જન્મ જયંતી મહોત્સવ | જ્યાં નક્કી થાય ત્યાં | ૧-૧૨-૨૦૨૪<br>રવિવાર<br>સવારે ૧૦ થી ૨ |
| શ્રી ગાયત્રી અનુષ્ઠાન સાધના શિબિર નિમિત્તે | 'નિર્વિકલ્પ મુક્તિધામ'<br>નાથાભાઈ એ. પટેલના ખેતરમાં,<br>મુ. પલિયડ (વેડા), તા. કલોલ, જિ. ગાંધીનગર | ૨૯-૧૨-૨૦૨૪<br>રવિવાર<br>સવારે ૧૦ થી ૨ |

**નોંધ :** ઓમ્ ભગવાનની કૃપાથી આધ્યાત્મિક સ્મૃતિની જાગૃતિ અને આધ્યાત્મિક સંગઠનની ભાવનાથી ઉત્સવ ઊજવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. **ઉત્સવ વિશેની વિગત ઉત્સવના આઠ-દસ દિવસ પહેલા મેળવી લેવી જરૂરી છે.** અમદાવાદની બહાર ઊજવાતા ઉત્સવના સ્થળે પહોંચવા માટે લક્ઝરી બસની વ્યવસ્થા કરવામાં આવે છે. તો જે તે કાર્યક્રમ માટે નક્કી થયેલ સમય પહેલાં બસભાડાના પૈસા ભરી નામ નોંધાવી દેવું જરૂરી છે. મો. 93136 75728

॥ ॐ ॥

॥ तस्य वाचकः प्रणवः ॥

# રુતમ્ભરા (ઋતમ્ભરા) એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું
# બહુજનહિતાય-બહુજનસુખાય

## યોગભિક્ષુ

સંકલન : શશીકાંત પટેલ

સત્ય-ધર્મ ગુરુદેવની જય.

સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય તો જ આપણી જય.

જુદા-જુદા સમયે અને સ્થળે પ.પૂ. સદ્‌ગુરુદેવને દિવ્ય અલૌકિક-પરમકલ્યાણકારી પરમકૃપાળુ ઓમ પરમાત્મા થકી પ્રેરણા થતી જ રહેતી. એને પૂજ્યશ્રી જીવ-જગતના કલ્યાણ માટે જન સમુદાયમાં સર્વ જીવ હિતાય-સુખાયના નિષ્કામ શુભ ઉદેશથી રેલાવી રહ્યા હતા. તેના અનુસંધાનમાં એવી આત્મોન્નતિદાયક પ્રેરણાઓ નીચે મુજબ રજૂ કરવાનો નમ્ર પ્રયત્ન કરવામાં આવ્યો છે.

### (૧) છૂપું રહસ્ય છૂપું જ રહે છે. (ધર્મમેઘ ૧૪-૧-૭૫)

સંતો અને ગુરુજનો અતિકૃપાળુ અને દયાળુ છે જ્યારે એમના હૃદયમાં લોકકલ્યાણનો ઊભરો ચડે છે ત્યારે શાસ્ત્રોનાં છૂપાં રહસ્યો લોકકલ્યાણની અહૈતુકી ભાવનાથી સામાન્ય જન સમુદાયમાં પ્રગટ કરી દે છે. જેમ કબૂતરોને રોજ જુવાર નાખવાના નિયમવાળો જુવારને છૂટા હાથે ઉડાડે છે તેમ ગુરુજનો કલ્યાણ રહસ્યો ઉદાર હાથે ઉડાડે છે. એ વખતે વિદ્વાનોને એ ઠીક નથી લાગતું. એટલે એ એમ વિચારે છે કે આવાં ગુપ્ત રહસ્યો અધિકારી સિવાય બીજાઓ પાસે પ્રગટ ન થવા જોઈએ. સંતો આવા રહસ્યોને સામાન્ય જનસમુદાયમાં પ્રગટ કરી દે છે તે ઠીક નથી કરતા પરંતુ પરમાત્મા ખૂબ જ ન્યાયી છે. એ અસમર્થ એવા અનઅધિકારીના હાથમાં કાંઈ જવા નથી દેતા. ગુરુજનો કૃપાવશ ગુપ્ત રહસ્યોને ગમે તેટલાં સરળતાથી સમજાવે પરંતુ જેણે સેવા-સદાચારનું પાલન કરીને અધિકારીપણું પ્રાપ્ત નથી કર્યું તેની બુદ્ધિમાં છૂપાં રહસ્યો ઊતરી શકતાં નથી-તે સમજી શકતા નથી. તેના માટે તો આ રહસ્યો છૂપાં જ રહે છે.

અસ્તુ

### (૨) ઝેર પીવાની આદત-અલૌકિક રહસ્ય (ધર્મમેઘ ૧૦-૧-૭૫)

એક બાદશાહને તેની માતાએ બચપણ થી જ ઝેર આપવાની આદત પાડી હતી કારણ કે તે મોટો થાય પછી પણ તેને કોઈ ગમે તેટલું ઝેર આપે તોય આદતને કારણે ઝેર પચી જાય અને જાનહાનિમાંથી બચી જવાય-આ એક દૃષ્ટાંતમાંથી નીચે મુજબનું અલૌકિક રહસ્ય સમજી શકાય છે.

જેની માતાએ પોતાના સંતાનને બચપણથી જ અપમાનનાં ઝેર પીવાની-પચાવવાની આદત પાડી હોય, પોતાના કુંટુબીજનોનાં અપમાન ઝેર પીવાની-પચાવવાની આદત પાડી હોય એ જ મોટી ઉંમરે સમાજનાં અપમાન ઝેર-અન્યાય સામે અડગ રહી તેને ઝીરવી શકે છે.

અસ્તુ

॥ સત્યધર્મ ગુરુદેવ કી જય ॥

### (૩) સૌ કોઈએ ઉનમન થવાનું છે

**(તા. ૧૩-૯-૭૯-ધરમપુર કાનજીભાઈનું આંગણું)**

જેમ પાણીનો નળ હોય અને તેમાંથી પાણી કે કચરો કાઢવા માટે ચકલી છૂટી મૂકવાથી-ખોલી નાંખવાથી નળમાંનું પાણી અને કચરો બહાર નીકળી જાય છે. તેમ આપણા શરીરનો મળ કાઢવા માટે કોઈ ચકલીની વ્યવસ્થા કરવામાં આવી નથી. શરીરનાં જે અંગ-ઉપાંગ છે તે પાણીના નળની ચકલીની જેમ નથી કે જેને છુટાં મૂકવાથી મળ બહાર નીકળી જાય. પરંતુ જે કચરો શરીરમાં એકત્રિત થાય છે, મનમાં સંકલ્પ કરવાથી તે કચરાના મળને બહાર કાઢનાર અંગ-ઉપાંગ ઉપર તેની અસર થાય છે. તેથી તે સક્રિય થવાથી કચરો કે મળનો નિકાલ થાય છે. તેવી જ રીતે આપણા શરીરની તમામ ઇન્દ્રિયો પર આપણા મનનો અધિકાર છે. તેથી તેની તમામ ખામીની પ્રતીતિ આપણને જીવનમાં દરરોજ થાય છે. આ દૃષ્ટાંત તો સમજવા માટે છે. આ તો દેહની વાત છે અને બધાયને સમજાય તેવી છે અને અનુભવેલી પણ છે. તેવી જ રીતે આપણું મન સૂક્ષ્મ અને કારણદેહ વડે તમામ કરવા સમર્થ છે. તેમ છતાં તે શક્તિમાન મન ઉપર કાબૂ મેળવીને ઉન્મન-ઉન-મન થવાનું છે.

અસ્તુ

# ગુરુસંતોની સેવા-સ્વાગતનું કાર્ય જાતે જ કરવું જોઈએ

**સંકલન : શશીકાંત પટેલ**

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય તો જ આપણી જય.

ગુરુજીએ એક વખત કહ્યું હતું કે,

સામાન્ય જનસમુદાય સમજી શકે તે માટે આપણા ઋષિમુનિઓએ પુરાણોની રચના કરી, તેમાં જણાવેલ પૌરાણિક કથાઓના માધ્યમ દ્વારા જીવ-જગતના કલ્યાણ માટે આત્મોન્નતિદાયક, પરમકલ્યાણકારી, દિવ્ય અલૌકિક રહસ્યોને સમાવવાનો-સમજાવવાનો નિષ્કામભાવે પ્રયત્ન કર્યો છે. પ.પૂ.સદ્‌ગુરુદેવે એક પૌરાણિક કથાના પ્રસંગ દ્વારા તેમાં રહેલા આવા જ એક સાત્ત્વિક-આધ્યાત્મિક રહસ્યને સમજાવેલ તે હું આપ સૌ સમક્ષ રજૂ કરવાનો નમ્ર પ્રયત્ન કરું છું.

જેની એક હાકથી દશે દિશાઓ કંપાયમાન થઈ જતી હતી અને મહાસાગરમાં ઊથલ પાથલ થઈ જતી હતી તેવા શક્તિશાળી અનેક દુષ્ટોને -દૈત્યોને-રાક્ષસોને શ્રીકૃષ્ણે ચપટીમાં ચોળી નાંખ્યા હતા. શ્રી કૃષ્ણ આવા બળવાન હોવા છતાં પણ તેમણે પાંડવોના રાજસૂય યજ્ઞમાં ઋષિ-સંતોના એંઠા પતરાળા ઉપાડવાનું કામ પોતાના માથે રાખ્યું હતું. આ રીતે ગુરુ-સંતોની સેવાનું મહત્ત્વ બતાવે છે.

લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોઢું ધોવા ન જવાય. વીજળીના ઝબકારે મોતી પરોવી લેવું જોઈએ. ગુરુ-સંતો આપણા આંગણે પધારે સ્વયમ્ જાતે જ તેમની સેવામાં વિના વિલંબે મચી પડવું જોઈએ. સંત સેવાનું મહાન કલ્યાણકારી કાર્ય નોકરો પાસે ન કરાવાય. કોઈ અતિહર્ષનો કે અતિશોકનો પ્રસંગ આવે તો હસવાનું કે રડવાનું કાર્ય આપણે નોકરોને નથી સોંપતા પરંતુ આપણે જાતે જ હસીએ કે રડીએ છીએ. પોષણ અને સ્વાદ પ્રાપ્ત કરવા માટે જાતે જ ભોજન કરવું પડે આપણા બદલે નોકર કે પુત્ર-પુત્રી ભોજન કરે તો ન ચાલે. પોતાનો રોગ મટાડવા દવા જાતે જ ખાવી પડે તો જ ફળ મળે. આમ ગુરુ-સંતોની સેવા જાતે જ કરીએ તો તેનું ફળ મળે.

અસ્તુ

**॥ સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય ॥**

# જીવન પાથેય - ગુરુકૃપા હી કેવલમ્

સંકલન : શશિકાંત પટેલ

સત્ય-ધર્મ ગુરુદેવની જય.સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય તો જ આપણી જય.

ગુરુકૃપાએ આપ સૌ સમક્ષ જે પ્રસંગ જણાવી રહ્યો છું તેને લગભગ સાડત્રીસ વરસ થયાં છે. નિત્ય નિયમ પ્રમાણે હું દરરોજ ગુરુજીના સાંનિધ્યમાં જતો. દોઢ બે કલાક બેસું અને પછી ઘરે જતો. ક્યારેક કોઈ કારણસર જવાય એમ ન હોય તો પૂજ્યશ્રીને અગાઉથી જણાવી દેતો. દરેકના જીવનમાં ક્યારેક એવી સમસ્યા ઊભી થતી હોય છે કે જેથી તેનું મન અશાંત-અસ્થિર થઈ જતું હોય છે. તે સમયે મારા મનની આવી સ્થિતી થયેલી તેથી અગાઉથી જાણ કર્યા વિના જ હું ચાર દિવસ પૂજ્યશ્રીના સાંનિધ્યમાં ગયો ન હતો. ગુરુજીએ હર્ષદભાઈ માસ્તરને કહ્યું કે શશિકાન્ત ચાર દિવસથી આવેલ નથી! જો એ આવવાનો ના હોય તો અગાઉથી જણાવે છે. પરંતુ કાંઈ જ જણાવ્યા વગર આવ્યો નથી તો તપાસ કર કે કેમ આવ્યો નથી ? શું કોઈ સમસ્યા કે તકલીફ ઊભી થઈ છે ? બીજા દિવસે હર્ષદભાઈ મારી પાસે આવ્યા અને વિગત જાણી સાંજે ગુરુજી પાસે જઈને જણાવી. તેના બીજા જ દિવસથી સળંગ બે દિવસ ગુરુજીએ મને આંતરદેશી પત્ર લખી ટપાલમાં મોકલ્યા. જીવનમાં ઉદ્‌ભવતી સમસ્યાઓ વિટંબણાથી ઘેરાયેલું મન ઓછી સમજણના કારણે અસ્થિર અશાંત બને તે સ્વાભાવિક છે. આવા વિપરીત સમયે સદ્‌ગુરુદેવ પોતાના ભક્તને -શિષ્યને વિવેકયુક્ત સાચી સમજણ રૂપી અચૂક ગુરુચાવી આપવાની અહેતુકી કૃપા કરી તેને તેમાંથી બહાર કાઢતા હોય છે. પૂજ્યશ્રીએ પણ મને લખેલ બે પત્ર દ્વારા મારું ડહોળાયેલું અશાંત મન શાંત-સ્થિર થાય તે માટે સચોટ -અફર સમજણનો સદ્‌બોધ આપવાની કરુણામયી કૃપા વરસાવી. તે પત્ર વાંચ્યા બાદ મનનું સમાધાન થઈ ગયું. ડહોળાયેલું મન શાંત-સ્થિર થઈ ગયું અને વિના વિલંબે નિત્ય નિયમ મુજબ ગુરુજીના સાંનિધ્યમાં જતો થઈ ગયો. ત્યારથી અત્યાર સુધી જીવનમાં જ્યારે પણ કોઈ સમસ્યા પેદા થાય, મનમાં અશાંતી ઊભી થાય ત્યારે તે પત્રના લખાણને યાદ કરવાથી મન સ્થિર અને શાંત થઈ જાય છે. આ પત્રોને લગભગ સાડત્રીસ વર્ષથી સાચવીને રાખ્યા છે. તેનો કાગળ એવો થઈ ગયો છે કે જેથી અહીં લાવી શકાય તેમ નથી.તેના અક્ષરો ઝાંખા થઈને ફેલાઈ ગયા છે. જીવનમાં ઉદ્‌ભવતી વિષમ પરિસ્થિતિમાંથી બહાર નીકળી માનસિક સુખ-શાંતિ પામવા માટેની ગુરુચાવી રૂપી અમુલ્ય સાચી સમજણના ભાથાને અક્ષરશઃ અહીં લખીને લાવ્યો છું. સૌ કોઈને જીવનમાં અતિ ઉપયોગી પ્રેરણાદાયી સાચી-સચોટ સમજણ રૂપી પૂજ્ય દ્વારા કૃપા રૂપે અપાયેલ સદ્‌બોધને આપ સૌ સમક્ષ વાંચી સંભળાવું છું.

**પત્ર નંબર - ૧**

પ્રિય શશિકાન્તભાઈ,

કળી વાળો ઝભ્ભો તૈયાર થઈ જાય એટલે તુરત આપી જજો. ઓમ્ જયંતીનું લખાણ વીનુભાઈને મોકલી દીધું હશે.

**॥ મન એવમ્ મનુષ્યાણામ્ કારણમ્ બંધ મોક્ષયો ॥**

બંધન અને મોક્ષનું કારણ મન જ છે. મન પોતે જ અનેક ચિત્રવિચિત્ર જાળ ગૂંથી પછી એમાં ગૂંચવાઈ જાય છે. અને ધારે તો એ મન જ એ બધી જાળો કાપી નાખીને મુક્ત થઈ જાય છે,સુખી થઈ જાય છે.

॥ સત્યધર્મ ગુરુદેવ કી જય ॥

પશુ-પક્ષી અને મનુષ્ય, જડ અને ચેતનમાં માલિકીહક્કના કારણે, દુઃખ-ચિંતા અને ઉપાધિઓને નોતરી લે છે. ચૈતન્યની દૃષ્ટિથી વિચાર કરીએ તો કોઈ માલિકે નથી કે કોઈ નોકરે નથી, કોઈ પતિએ નથી કે કોઈ પત્નીએ નથી. કોઈ પિતાએ નથી કે કોઈ પુત્રએ નથી.સાચી સમજણનો જ્યાં સુધી જીવનમાં અમલ ન થાય ત્યાં સુધી શાંતિ ક્યાંથી મળે ?

સંતો અને ગુરુજનોના સંપર્કમાં રહી ગુરુતા પ્રાપ્ત કરી લેવી જોઈએ. ગુરુતા પ્રાપ્ત કરવી એટલે પોતાનાં દુઃખ અને ચિન્તાઓને પચાવી જઈને અન્યોની ચિન્તા-ઉપાધિઓને સાંભળીને તેમને હલકા કરવામાં મદદગાર થવું.

ઉષાબહેનને હવે શરદી મટી ગઈ હશે. તા.૨૨ મીએ સૌએ ધજા ચડાવવા જવાનું છે. માવઠાના કારણે મોસમ બદલાણી છે. તો ઘરમાં સૌ ખૂબ તબિયત સંભાળજો.

તમારી બનાવેલી ''છડી'' ના શબ્દો ખૂબ અલૌકિક છે. બે-ચાર વાર બોલવાથી પણ ખૂબ શાંતિ અને પવિત્રતા પ્રાપ્ત થઈ જાય. મનની ઘણી મૂંઝવણો અને ચિંતાઓને ભગાડી મૂકે.

ઘરમાં સૌને વહાલ. યોગસૂત્રમાં થોડું થોડું આગળ વધતા રહેવું.

-યોગભિક્ષુના નારાયણ સ્મરણ

**પત્ર નંબર-૨**

**જગતમાં જનમ્યા સોઈ નર દુઃખિયા,**
**ભોગી ભી દુઃખિયા,યોગી ભી દુઃખિયા,**
**રાજાભી દુઃખિયા, પરજા ભી દુઃખિયા,**
**ચંદ્ર ભી દુઃખિયા,સૂરજ ભી દુઃખિયા,**
**દુઃખિયા નવલખ તારા, દુઃખિયા સકલ સંસારા**
**જગતમાં જનમ્યા સોઈ નર દુઃખિયા.**

દુઃખની આવી વ્યાપ્તિ હશે તેથી જ મોક્ષની કલ્પના ઊતરી આવી હશે. શરીર જ ન જોઈએ. શરીર હોય તો બધાં દુઃખો મળે ને? પ્રાપ્ત જન્મમાં એવી સમાધાનયુક્ત વૃત્તિઓ રાખવી કે ચાલુ જન્મમાં જ સઘળાં કર્મો સમાપ્ત થઈ જાય જેથી ફરીને ગર્ભમાં આવવું જ ન પડે.

**॥ પરિણામ તાપ સંસ્કાર દુઃખૈ ર્ગુણ વૃત્તિ વિરોધાશ્ચ દુઃખમેવ સર્વમ વિવેકિનઃ ॥**

સામાન્ય મનુષ્યો માટે જે સુખો છે તે વિવેકીજનોને દુઃખ જ લાગે છે. વિવેક બુદ્ધિથી વિચાર કરતાં વિવેકીજનોને બધાં જ સુખો દુઃખ જ લાગે છે. વિવેકીજનો (કલ્યાણકામીઓ) જગતનાં સામાન્ય લૌકિક સુખ-દુઃખોથી ઉપર નીકળી જાય છે.

દરિયાના પાણીની એક અંજલી પીને એ નિર્ણય કરી લે છે કે આખો દરિયો ખારો જ છે. એને નિર્ણય કરવા માટે દરિયાનાં જુદી જુદી જગ્યાના પાણી પીવાની જરૂર નથી રહેતી કે નથી જરૂર રહેતી ઘણા વર્ષો અને ઘણા જન્મો સુધી એ પાણી પીતા રહેવાની, એક અંજલીભર પાણી પીને આખા દરિયાના પાણીનો નિર્ણય કરી લેવાય છે.

સામાન્ય સુખ-દુઃખથી સુખી-દુઃખી થતો રહે તે લૌકિક, તેનાથી પર રહે તે અલૌકિક. તેનો લાભ બીજાને આપતો રહે તે સંત.

**॥ તદા દ્રષ્ટુ સ્વરૂપે અવસ્થાનમ્ ॥**

સ્વરૂપ પ્રાપ્તિ સિવાય અખંડ અને અલૌકિક સુખ ક્યાં હોય ?

આ પત્ર સર્વે કલ્યાણ કામીઓને ઉપયોગી છે.

રે જીવ! હે જીવ ! હર હાલમાં મસ્ત રહે. હમણાં જીવન પૂરું થઈ જશે.

**॥ સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય ॥**

# ગંગેશ ગંગોત્રીની યાત્રાએ

સંકલન : શેખર પટેલ

(ગતાંકથી ...)

ગંગાજીના જળમાં મંદ ગતિએ હોડી સરકી રહી હતી. બધાના મનમાં એક વિચાર ચાલતો હતો કે અમારા માનવજીવનરૂપી ભવસાગરમાં ગુરુજી સદાય અમારી નૌકામાં સાથે રહે તો કેવું સારું? ભવસાગર તરતાં જરાય તકલીફ ન પડે. પૂ. ગુરુદેવ અમને ભવપાર ઉતારી અમારું માનવજીવન સાર્થક કરાવે એવી અંતરથી અમે સૌ પ્રાર્થના કરતા હતા. થોડી જ વારમાં અમે મુનિ કી રેતી વાળા કિનારે આવી પહોચ્યાં, ટેમ્પો-રિક્ષા કરી બધા ધર્મશાળાએ આવ્યા.

ઘણા દિવસે અમે બધા ચાલીને આટલું ફર્યા હતા, થાક ઘણો લાગ્યો હતો, ભૂખ પણ હતી જ. અમદાવાદથી જ રસોઈનો બધો સામાન સાથે લઈ ગયા હતા. દમાભાઈએ ઝડપથી ખીચડી અને શાક બનાવી દીધાં. પૂજ્યશ્રીને ભોજન-પ્રસાદ કરાવી સૌએ ભોજન કર્યું. સાંજે ઉત્તરકાશી જવાનું હોઈ બધાએ થોડો આરામ કર્યો. સાંજે બધો સામાન પેક કરી ટેક્સીવાળાની રાહ જોતા હતા. એટલામાં જ ટેક્સીવાળા કોઈ કારણસર ના પાડી ગયા. સાંજે પણ હાથે રસોઈ બનાવીને જમ્યા. આશ્રમની શિસ્ત મુજબ સૌએ કામની વહેંચણી કરી લીધી હતી. હાથે રસોઈ બનાવવાની પણ ખૂબ મજા પડતી. સાંજનું વાળું પતાવ્યા બાદ અમે ફરવા નીકળ્યા.

ભરત મિલાપ મંદિરે ગયા. અમને એવા સમાચાર મળેલા કે સતુદેવજી મહારાજ નામના સંત કે જેઓ માઉન્ટ આબુ મુકામે પૂજ્યશ્રીને મળેલા તે અહીં હતા. ભરત મિલાપ મંદિરેથી સમાચાર મળ્યા કે શ્રી સતુદેવજી મહારાજ માયાકુંડ ક્ષેત્રમાં છે. અમે માયાકુંડ ગયા. માયાકુંડમાં આવેલ શ્યામકુંજ નામના નાના છતાં સ્વચ્છ અને રમણીય આશ્રમમાં અમે પ્રવેશ્યા. આશ્રમમાં દાખલ થતાં જ પૂજ્યશ્રીએ સતુદેવજીને જયનારાયણ કર્યા. સતુદેવજી મહારાજ ભાવાવેશમાં આવી પૂજ્યશ્રીને ભેટી પડ્યા. આ દૃશ્ય રામ-ભરતના મિલાપ જેવું અદ્વિતીય હતું. બંને થોડો સમય ભેટેલા જ રહ્યા. ત્યારબાદ સતુદેવજીએ અમને આશ્રમ બતાવ્યો. આશ્રમમાં રહેવા માટેની રૂમો સંપૂર્ણ સગવડવાળી હતી. નાનો સરખો બગીચો હતો. ગંગાજીના કિનારે ઊંચાણ ઉપર આશ્રમ બાંધેલો છે. આશ્રમની સામે જ મણિકૂટ પર્વત આવેલો છે જે સિદ્ધો-તપસ્વીઓનો પર્વત ગણાય છે.

આશ્રમ જોઈને પાછા આવ્યા. શ્રી સતુદેવજી વિષે પરિચય આપતાં પૂજ્યશ્રીએ જણાવ્યું કે તેઓ પ્રખર વેદાન્તાચાર્ય છે. તેઓ જ્યારે પણ અહીં આવે છે ત્યારે વધુમાં વધુ સમય ધ્યાનમાં જ રહે છે. આટલા પરિચય બાદ સત્સંગ ચાલુ થયો. સતુદેવજીએ કહ્યું કે સ્વામી દયાનંદ સરસ્વતીને મહર્ષિ કે ઋષિ કહેવા તે કરતાં સમાજસુધારક કહેવા તે વધુ ઉચિત ગણાય. સ્વામી દયાનંદ સંસ્કૃત વ્યાકરણના પ્રખર જાણકાર હતા. તેમને તે જમાનામાં કોઈ ચેલેંજ આપી શકે તેમ નહોતું. સ્વામીજીએ સમાજસુધારાનાં ઘણાં કાર્યો કરેલાં. આ પ્રકારની થોડી વાતો કર્યા બાદ પૂજ્યશ્રીએ, નજીકમાં બીજા કોઈ સંત રહેતા હોય તો તેમના દર્શનની ઈચ્છા પ્રગટ કરી. સતુદેવજી અમને આશ્રમની સામેના

નિવાસસ્થાને લાવ્યા. સતુદેવજીએ નિવાસનું બારણું ખખડાવીને કહ્યું કે, **"રામકૃપાલુગિરિજી, મૈં આપકો એક બડે સંતસે મિલાના ચાહતા હૂં, દરવાજા ખોલીએ."** શ્રી રામકૃપાલુગિરિજીએ દરવાજો ખોલ્યો અને અમે અંદર ગયા.

શ્રી રામકૃપાલુગિરિજી વર્ષોથી તપશ્ચર્યા કરી રહ્યા છે. તેમના માથાની જટા ખૂબ જ લાંબી છે. પગની પાનીથી પણ બે-ત્રણ ફૂટ લાંબી હશે. તેઓ પહેલાં ગંગોત્રી રહેતા હતા. થોડાંક વર્ષોથી અહીં ઋષિકેશમાં સ્થાયી થયેલા. સ્વામીજીના ગુરુજી પૂ. શ્રી વિવેકાનંદજીએ ગૌમુખથી આગળ ચાલતાં ચાલતાં દેહવિલય કરી દીધેલો તેવું તેમણે જણાવ્યું. સ્વામીજી ભજન ખૂબ સુંદર ગાય છે. તેવું જાણ્યું એટલે અમારા સૌના આગ્રહથી સતુદેવજીએ સ્વામીજીને એક ભજન ગાવા કહ્યું. તેમણે હનુમાનજીની પ્રશંસા કરતું એક સુંદર ભજન ગાયું. તેઓ હનુમાનભક્ત છે. સ્વામીજીના ભજન બાદ અમે પ્રણવવંદના ગાઈ. પ્રણવવંદના બાદ ગાયત્રીમંત્રનો અને સંકટમોચન મંત્રનો વાચિક જાપ કર્યો. પવિત્ર વાતાવરણમાં બધા એક ચિત્તે મંત્રજાપ કરતા હતા. ત્રણે એકબીજાને જાણે વર્ષો પછી મળ્યા હોય તેવા ભાવ સાથે વાતો કરતા હતા.મંત્રજાપ પત્યા બાદ પૂજ્યશ્રીએ મને પૂછ્યું, "શેખરભાઈ, કેમ લાગે છે ? મેં કહ્યું, "ગુરુદેવ, ત્રણ સંતોનાં દર્શન કરી, ત્રિવેણીસંગમમાં નાહ્યાનો જે આનંદ મળે તેના કરતાં પણ વધુ આનંદ થાય છે. અહીંથી ખસવાનું બિલકુલ મન નથી થતું."

રાતના અગિયાર થવા આવ્યા હતા. ઊઠતાં ઊઠતાં પૂજ્યશ્રીએ સતુદેવજી અને રામકૃપાલુગિરિજીને આધ્યાત્મિક સાહિત્ય ભેટ-પ્રસાદી રૂપે આપ્યું. સતુદેવજીએ પૂજ્યશ્રી રચિત ''મુક્તા'' (પાતંજલ યોગદર્શન-સમાધિપાદ) અને ''શાંતા''(પાતંજલ યોગદર્શન-સાધનપાદ) પુસ્તકોની માંગણી કરી. પૂજ્યશ્રીએ તે બે પુસ્તકો પણ આપ્યાં. અમે સૌ પ્રસાદ લઈ બહાર આવ્યા. અમારા સૌના આશ્ચર્ય વચ્ચે જોયું તો રિક્ષાવાળા ભાઈ બહાર અમારી રાહ જોઈને ઊભેલા! અમે અડધો કલાકમાં પાછા આવીશું એમ કહેલું પરંતુ ખાસ્સા અઢી કલાક વીતી ગયેલા. આમ છતાં તેઓ અમારી રાહ જોતા ઊભા રહ્યા હતા! કુદરત પણ કેવી અનુકૂળતા કરી આપે છે! પૂજ્યશ્રીએ રિક્ષાવાળાને "ઓમ્ ગુરુ ઓમ્" લખાણવાળા સ્ટીકરની પ્રસાદી આપી. રિક્ષામાં બેસી અમે સૌ પાછા આવ્યાં.

સતુદેવજી મહારાજે ઉત્તરકાશી અને ગંગોત્રીમાં અમને તકલીફ ના પડે એટલા માટે તેમના પ્રેમી શ્રી રોશનલાલ શર્મા-કે જેઓ કાલી કમલીવાળા આશ્રમના સંચાલક-મંડળમાં છે તેમને અમારી પાસે મોકલ્યા. તેમની પાસેથી ચિઠ્ઠી લઈ, આભારસૂચક વાત કરી અમે સૂઈ ગયા.

સવારે દશ વાગ્યે ઉત્તરકાશી જવા નીકળવાનું હતું. વહેલા ઊઠી પ્રાતઃકર્મથી પરવારી અમે સૌએ સ્વાધ્યાય કર્યો. સ્વાધ્યાય કર્યા બાદ સામાન પેક કરીને ટેક્સીની રાહ જોતા બેઠા. ટેક્સી પણ સમયસર આવી ગઈ. બે ટેક્સીઓમાં બધો સામાન ગોઠવીને અમે પણ ગોઠવાયા. બરાબર અગિયાર વાગ્યે ઋષિકેશથી નીકળી અમે ઉત્તરકાશી તરફ પ્રયાણ કર્યું.

ઋષિકેશથી ઉત્તરકાશી તરફ જતાં ટેક્સીમાં મને આગળની બેઠક ઉપર ડ્રાઈવર પાસે બેસવાનો પ.પૂ ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીએ આદેશ કર્યો. પૂજ્યશ્રી, ગુરુધ્યાનભિક્ષુજી અને કાંતિભાઈ પાછળની બેઠકમાં બેઠા હતા. અમે ઋષિકેશ છોડ્યું અને મણિકૂટ પર્વત સુધી આવ્યા કે તરત જ ઠંડો પવન શરૂ થઈ ગયો.

**॥ સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય ॥**

આજુબાજુનું પ્રાકૃતિક સૌંદર્ય અદ્દ્ભુત લાગતું હતું. ટેક્સી આગળ ને આગળ દોડી રહી હતી. થોડા સમય બાદ મને સહેજ ઝોકું આવી ગયું. પૂજ્યશ્રીની મારા ઉપર નજર પડી અને મને ઢંઢોળીને કહ્યું કે "શેખરભાઈ! ડ્રાઇવર સાથે બેસીએ ત્યારે ઝોકું ન ખવાય. હવે ગાડી ઊભી રહે એટલે તમે પાછળ આવી જજો," પૂજ્યશ્રીની કેટલી ચોકસાઈ!

લગભગ બે કલાક બાદ ધાસૂરા મુકામે અમે રોકાણ કર્યું. ગાડીમાંથી અમે ઊતર્યા કે તરત વરસાદનાં અમીછાંટણાં થયાં. જાણે મેઘરાજાએ પરમાત્માસ્વરૂપ ગુરુદેવનું અભિવાદન ન કર્યું હોય ! ધાસૂરા રોકાઈને અમે થોડો નાસ્તો કર્યો, પૂજ્યશ્રીએ થોડાં ફળ ખાધાં, થોડો સમય વિશ્રામ લઈ અમે મુસાફરી શરૂ કરી. આ વખતે પૂજ્યશ્રીએ આગળ બેઠક લેતાં લેતાં કહ્યું કે "શેખરભાઈ, હું આગળ બેસું છું. તમને પાછળ ફાવશેને ? મને આગળ રાખો અને તમો નિરાંતે સૂઈ જાઓ."

પૂજ્યશ્રીએ રમૂજમાં કહેલી આ વાત કેટલી સચોટ હતી ! આપણા દરેક કાર્યમાં ગુરુદેવને આગળ ને આગળ રાખીએ તો આપણને કેટલી હૂંફ ! કેટલી નિરાંત !! કેટલી શાંતિ !!!

સાંજે લગભગ છ વાગ્યે અમે ઉત્તરકાશી પહોંચ્યા. કાલી કમલીવાળા બાબાના લોહિયા અતિથિગૃહમાં અમે ઊતર્યા. સૌએ હાથ-પગ ધોઈ, સામાન છોડી રસોઈની તૈયારી કરવા માંડી. રસોઈ તૈયાર થઈ એટલે પૂજ્યશ્રી જમ્યા. ત્યારબાદ અમે સૌએ જમી લીધું. જમ્યા પછી પૂજ્યશ્રી સાથે અમે સૌ આશ્રમના કાર્યાલયમાં ગયા. પૂજ્યશ્રીએ આશ્રમના મેનેજરને ઋષિકેશવાળા ભાઈએ લખી આપેલ ચિઠ્ઠી આપી, પરંતુ તે ચિઠ્ઠી ગંગોત્રીવાળા મેનેજર પર લખેલી હતી. મેનેજરે તે ચિઠ્ઠી વાંચીને કહ્યું કે " આ ચિઠ્ઠી તો ગંગોત્રી મુકામે આવેલ આશ્રમના મેનેજર ઉપર લખાયેલી છે, અમારા ઉપરની ચિઠ્ઠી હોય તો આપો."

ચિઠ્ઠી આપવામાં થયેલી ભૂલ એ ખરેખર આશીર્વાદ સમાન હતી. ઈશ્વર ક્યારેક કેવી સહાય કરી દે છે! ગંગોત્રીના મેનેજર ઉત્તરકાશીમાં જ હતા. તે કોઈ કારણસર બજારમાં ગયા હતા. અહીંના મેનેજરે કહ્યું કે "ગુરુદેવ, મેં પહેલી ચિઠ્ઠી વાંચી, ગંગોત્રીના મેનેજર પણ અહીં જ છે. તેમને લઈને રાત્રે હું આપને મળવા આવીશ." રાત્રે બંને મેનેજર પૂજ્યશ્રીને મળવા આવ્યા. ખાસ્સો અડધો કલાક બેઠા. આનંદવિભોર થઈ ગયા. પૂજ્યશ્રીએ ગંગોત્રીના મેનેજરને કહ્યું '' અમે બે ત્રણ દિવસ પછી ગંગોત્રી આવવાના છીએ.'' મેનેજરે કહ્યું કે અમારાં અહોભાગ્ય ! આપ સૌ જરૂરથી ગંગોત્રી પધારો." થોડી વાતચીત બાદ તેમણે વિદાય લીધી.

પૂજ્યશ્રીએ ઉત્તરકાશીની માહિતી આપતાં કહ્યુ " ઉત્તરકાશી ગંગોત્રીથી ૪૫ માઈલ દૂર ભાગીરથીને જમણે કિનારે સમતલ જમીન ઉપર આવેલ છે. દક્ષિણમાં ગંગાજી, ઉત્તરમાં આસિગંગા, પશ્ચિમમાં વરુણા નદી, એની પૂર્વ તરફ કેદારઘાટ અને દક્ષિણ તરફ મણિપુનિતઘાટ આવેલાં છે. મધ્યમાં વિશ્વેશ્વરનું મંદિર છે. ગોપેશ્વર, કાલભૈરવ, પરશુરામ, દત્તાત્રેય, જડભરત અને ભગવતી દુર્ગા વગેરેનાં પુરાતન મંદિરો અહીં આવેલાં છે. ગંગા નદીનો પ્રવાહ સામાન્ય રીતે ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી દક્ષિણ દિશામાં વહે છે. માત્ર આ સ્થાને જ આશ્ચર્યજનક રીતે ગંગાનો પ્રવાહ દક્ષિણથી ઉત્તર દિશામાં વહે છે. એટલે ઉત્તર દિશામાં વહેતા ગંગાના પ્રવાહને કાંઠે બનેલા આ સ્થાનનું નામ ઉત્તરકાશી પડેલું હોવું જોઈએ. ઉત્તરકાશી બે પર્વતની વચ્ચે એક પહોળી વિશાળ ખીણમાં વસ્યું છે.

હિમાલયની તાજગીભરી હવા, પહાડી ઘઉંનું પૌષ્ટિક ભોજન અને ગંગાનું અમૃતજળ અહીંના વાસીઓને ખડતલ તાજગીભર્યા બનાવે છે. અહીંના રહેવાસીઓ ભાવિક છે. યાત્રાળુઓને સમજાવતાં કહેતા હોય છે કે સપાટ મેદાન પરની કાશી ભોગભૂમિ છે જ્યારે ઉત્તરકાશી યોગભૂમિ છે. કળિયુગમાં મુક્તિ અપાવનારી આ ઉત્તરકાશી જ છે. ઉત્તરકાશી ત્રણ નામોથી પ્રસિદ્ધ છે. ગંગાનો પ્રવાહ ઉત્તર તરફ વહેતો હોવાથી ઉત્તરકાશી, હવા અને સ્થાન સારાં અને સૌમ્ય છે તેથી સૌમ્યકાશી પણ કહેવાય છે, વરુણ નામના પર્વતમાંથી વહેતી અસિ નદીનો અહીં સંગમ થાય છે. તેથી વારાણસી તરીકે પણ ઓળખાય છે." આમ પૂજ્યશ્રીએ અમને ઉત્તરકાશીનો ઇતિહાસ જણાવ્યો. ત્યારબાદ પ્રણવવંદના ગાઈ અમે સૂઈ ગયા.

તા. ૧૨-૫-૯૦ના રોજ હું સવારે વહેલો જાગી ગયો. શૌચકર્મથી પરવારી હું મારું લેખનકાર્ય કરતો હતો તેવામાં પૂજ્યશ્રી પોતાના રૂમનું બારણું ખોલી બહાર આવ્યા. વહેલી સવારે પરમાત્માનું દર્શન થયું હોય તેવો ભાવ મનમાં જાગ્યો અને હું ગદગદ્ થઈ ગયો. ગુરુધ્યાનભિક્ષુજી પણ બહાર આવ્યા. પૂજ્યશ્રીએ અમે જેટલા જાગતા હતા તેમને કહ્યું, "ચાલો આપણે ફરવા જઈએ." ઊભા ઊભા જ હાથના ઈશારા વડે દૂરના પુલને બતાવતાં પૂજ્યશ્રીએ કહ્યું "પેલા પુલ ઉપર થઈને જવાનું છે. તમને ગંગાજીનાં દર્શન કરાવું. કુદરતની લીલા બતાવું".

આશ્રમની બહાર નીકળતાં જ પૂજ્યશ્રી ખૂબ ભાવપૂર્વક નીચેનો શ્લોક બોલ્યા-

**મંત્રાણાં પ્રણવઃ સેતુઃ**
**માંગલ્યં પાવનં ધર્મ્યમ્, સર્વકામ પ્રસાધનમ્**
**ઓમકારઃ પરમં બ્રહ્મ, સર્વ મંત્રેષુ નાયકમ્**

સર્વ મંત્રોમાં પ્રવેશવા માટે 'ઓમ્' પુલની સમાન છે. મંગળ કાર્ય હોય કે પવિત્ર કાર્ય હોય કે ધાર્મિક કાર્ય હોય તે સર્વે માટે 'ઓમ્' અચૂક ફળ આપનારો છે. ઓમ્ પરમબ્રહ્મ છે અને સર્વ મંત્રોમાં નાયક સમાન છે. સર્વ મંત્રના રહસ્યનો તાગ પામવા માટે ઓમ્કારને જાણવા અનિવાર્ય છે. તે માટે ઓમ્કાર સ્વરૂપ વિભૂતિ પણ તમારી સાથે છે.

"આ ગંગા પાર કરવા માટે પણ આપણે પુલનો આશ્રય લેવો પડશે. પુલ ઉપર થઈને જ આપણે સામે કાંઠે જઈ શકીશું. તેમ તમારે સૌએ પણ જીવનસરિતાના સામા કાંઠે જવું હશે તો સાચી સમજણના પુલ દ્વારા અમારા માર્ગદર્શનમાં ઝડપથી જઈ શકશો."

આટલી વાત કરી પૂજ્યશ્રી અમને આશ્રમ તરફથી ચાલતા અન્નક્ષેત્ર તરફ લઈ ગયા. ત્યાં અનેક સંન્યાસી અને સિદ્ધ પુરુષોનાં દર્શન કર્યાં. ત્યાંથી નીકળી અમે કાશીવિશ્વનાથના મંદિરે ગયા. મંદિરના પૂજારીએ શિવલિંગ ઉપર અભિષેક કરવા પૂજ્યશ્રીને ગંગાજળ આપ્યું. પૂજ્યશ્રીએ શિવલિંગ ઉપર, ગણપતિ અને પાર્વતીજીની મૂર્તિ ઉપર ગંગાજળથી અભિષેક કર્યો. મંદિરના ગર્ભદ્વારમાં જ અમે ગાયત્રીમંત્ર અને શિવમંત્રના વાચિક જાપ કર્યા. કાશીવિશ્વનાથ મંદિરની સામે શક્તિ મંદિર આવેલું છે. તેમાં ૨૬ ફૂટ ઊંચું એક વિશાળ ત્રિશૂળ છે. પૌરાણિક માન્યતા પ્રમાણે દેવાસુર સંગ્રામ વખતે છૂટી ફેંકાયેલી તે શક્તિ છે. નીચે પિત્તળ અને ઉપરના ભાગમાં અષ્ટધાતુથી બનેલા આ ત્રિશૂળ ઉપર સંસ્કૃતમાં લેખ પણ છે. શક્તિમંદિરનું એ ત્રિશૂળ જોઈ અમે હનુમાનજીના મંદિરમાં ગયા ત્યાં સંકટમોચન મંત્રનો વાચિક જાપ કર્યો.

હનુમાનજીના મંદિરમાં પૂજ્યશ્રીની સત્યાવીસ વર્ષ પહેલાં લીધેલી ઉત્તરકાશીની મુલાકાતની સ્મૃતિ તાજી થઈ ગઈ. પૂજ્યશ્રીએ અમને જણાવ્યું કે

"સત્યાવીસ વર્ષ પહેલાં જ્યારે અમે અહીં આવેલા ત્યારે શ્રી રામાનંદજી મહારાજને તથા ગંગાના સામા કિનારે પથ્થરની ચાર દીવાલો ઊભી કરી તેમાં રહેતા દંડીસ્વામી શ્રી વિષ્ણુદત્તજીને મળેલા" આ વાત ચાલતી હતી ત્યાં શ્રી હરિહરાનંદજી સ્વામી પધાર્યા. તેમની પાસેથી પૂજ્યશ્રીએ થોડી વધુ જાણકારી મેળવી અને પોતાનાં ભૂતકાળનાં સંસ્મરણોને તાજાં કર્યાં. ત્યાંથી અમે ઉજેલી તરફ લક્ષેશ્વર મંદિર જોવા નીકળ્યા. રસ્તાની પૂરી જાણકારી નહોતી. આગળ વધતા હતા ત્યાં એક સંન્યાસી મળી ગયા. તેમનું નામ બળદેવાનંદજી હતું. તેઓ શ્રી રામાનંદજીના શિષ્ય હતા. પૂજ્યશ્રીએ કહ્યું "ઈશ્વર કેવી સહાય કરે છે.?! આપણે લક્ષેશ્વર મંદિરનો રસ્તો જોયો નથી તેથી ઈશ્વરે બળદેવાનંદજીને આપણી મદદે મોકલી આપ્યા."

પૂજ્યશ્રી બળદેવાનંદજીની સાથે ચાલતા ચાલતા ત્યાંની માહિતી મેળવતા જતા હતા. થોડા સમય બાદ અમે લક્ષેશ્વર મંદિર પહોંચી ગયા. બળદેવાનંદજી પણ ત્યાં જ રહેતા હતા. જગ્યા ખૂબ જ સ્વચ્છ અને પવિત્ર લાગતી હતી. અમે તેમની કુટિરમાં ગયા. પૂજ્યશ્રીએ બળદેવાનંદજીને પૂછ્યું, "અમે સાધના માટે અહીં આવીએ તો રહેવા દેશોને?" સ્વામીજી કહે, "આપ કભી ભી આ સકતે હૈં યહ આપકી હી કુટિયા હૈ. આપ તો હમારે ગુરુજી જૈસે હૈ." ત્યાં બીજા પણ ચારેક સ્વામીજી રહેતા હતા. પૂજ્યશ્રીએ તેમને થોડાં પુસ્તકો અને ઓમૂનું ચિત્ર તથા અગિયાર રૂપિયા પ્રસાદી રૂપે આપ્યા, જેનો તેમણે સ્વીકાર કર્યો. અમે લક્ષેશ્વર મંદિરનાં દર્શન કર્યાં. દંતકથા મુજબ અહીં પાંડવોને લાક્ષાગૃહ બનાવી જીવતા બાળી મૂકવાનો પ્રયત્ન દુર્યોધન અને શકુનિ દ્વારા કરવામાં આવેલો. મંદિરની બહાર નીકળતાં જ સ્વામીજીએ રોકાવાની વિનંતી કરી. પૂજ્યશ્રીએ કહ્યું કે ફરી કોઈ વખત આવીશું, અત્યારે તો અમારે જવું પડશે. ત્યાંથી અમે સૌ અમારા નિવાસસ્થાને આવવા નીકળ્યા. રસ્તામાં કૈલાસ આશ્રમમાં ગયા. ત્યાંના સંચાલકશ્રીએ પૂજ્યશ્રીનું અભિવાદન કર્યું અને જણાવ્યું કે "મે-જૂન મહિના સિવાય આપ ગમે ત્યારે અહીં આવી શકો છો. આપના જેવા સંત પધારે એ કોને ન ગમે? ત્યાંથી નીકળી અમે અમારા આશ્રમમાં પાછા આવી ગયા. બધા ખૂબ જ થાકી ગયા હતા છતાં પૂ. ગુરુદેવની અમીદૃષ્ટિ બધો થાક ઉતારી દેતી હતી. ઝડપથી દાળ-ભાત, શાક અને લાડુ બનાવી લીધા બધા જમીને આરામ કરતા કરતા સૂઈ ગયા.

સાંજના સમયે પૂજ્યશ્રી તેમના રૂમમાંથી બહાર આવ્યા ત્યારે હું અને બિપિનભાઈ જ જાગતા હતા. પૂજ્યશ્રીએ મજાકમાં કહ્યું "બધા ઊંઘે છે તો ઊંઘવા દો. ઉત્તરકાશી જેવા પવિત્ર સ્થળમાં તેમને ઉઠાડવાનું મહાપાપ આપણે નથી કરવું. તમે બંને મારા રૂમમાં બેસો." અમે બંને પૂજ્યશ્રી સાથે તેમના રૂમમાં ગયા. મારું ચંચળ મન પૂજ્યશ્રીને એક પ્રશ્ન પૂછવા ઊંચુંનીચું થઈ રહ્યુ હતું. મેં પૂછ્યું "ગુરુજી, પહેલાંના વખતમાં ઋષિમુનિઓ કેવી રીતે જીવન વ્યતીત કરતા હશે? સાંભળ્યું છે કે તેઓ ફળફળાદિ ખાઈને જીવતા પણ અહીં તો તેવું કાંઈ દેખાતું નથી!" સાંભળી પૂજ્યશ્રી લાક્ષણિક ઢબે હસ્યા અને કહ્યું "દરેક જગ્યાએ બધાં ફળ ન થાય તે ખરું પણ અહીં અમુક જગ્યાએ જાંબુ તો અમુક જગ્યાએ સફરજન ખૂબ થતાં હોય છે. બીજાં પણ કેટલાંક ખાવાલાયક ફળ થાય છે." મેં બીજો પ્રશ્ન પૂછ્યો, "ગુરુજી યોગીજનો-સંતજનો ઇચ્છામૃત્યુવાળા હોય છે. તે વાત સાચી? જ્યારે કાળ નજીક આવે ત્યારે તેઓ તેમનો જીવ યોગ દ્વારા બ્રહ્મરંધ્રમાં પહોંચાડી દે છે. અને આ રીતે લાંબું જીવે છે તે સાચું?"

॥ સત્યધર્મ ગુરુદેવ કી જય ॥

પૂજ્યશ્રીએ હકારમાં માથું હલાવી આ વાતની પુષ્ટિ કરી. અસ્તુ.

તા.૧૩-૫-૯૦ ના રોજ સવારે નિત્યકર્મથી પરવારી અમે સૌ પૂજ્યશ્રી સાથે દેવસ્થાન તેમજ સંતોના દર્શનાર્થે નીકળ્યા. અન્નપૂર્ણા મંદિર, પરશુરામ મંદિર તેમજ ભૈરવનાથ મંદિર તથા ગોપાલેશ્વર મંદિરમાં દર્શન કરી અમે કોટેશ્વર મહાદેવનાં દર્શને ગયા.

કોટેશ્વર મહાદેવ ગંગાકિનારે આવેલું સ્વચ્છ અને અતિ પવિત્ર મહાદેવ છે. મંદિરમાં સાધક રૂપે રહેતા શ્રી ભિક્ષુશુદ્ધદેવ અમને મહંત શ્રી નારાયણસ્વામી પાસે લઈ ગયા. પૂજ્યશ્રી અને નારાયણસ્વામી -બંને વિભૂતિઓએ એકબીજાને જોતાં જ આત્મીયભાવે નારાયણ કર્યા. આ સ્થળ ખૂબ સ્વચ્છ અને સુંદર હતું પૂજ્યશ્રીએ સ્વામીજીને કહ્યું '' અમારે પાતંજલ યોગદર્શનના ત્રીજા પાદ વિભૂતિપાદની ટીકા લખવી છે, તો અમે તે કાર્ય અંગે અહીં રહી શકીએ?'' સ્વામીજીએ કહ્યું, ''પહેલે આપ સાત-આઠ દિન રહો. અગર અચ્છા લગે તો ફિર આપ અપની મરજીકે મુતાબિક રહ સકતે હૈ.'' આટલી વાત બાદ ભિક્ષુશુદ્ધદેવ અમને આશ્રમ બતાવવા લઈ ગયા. ભિક્ષુશુદ્ધદેવ મણિનગર-અમદાવાદના છે. અહીં છ મહિનાથી સાધના અર્થે રહેલા છે. આખો આશ્રમ ધ્યાનપૂર્વક જોયા બાદ અમે નારાયણસ્વામી પાસે પાછા આવ્યા. તેમણે પલાળેલા ચણાની પ્રસાદી આપી.

કોટેશ્વર મહાદેવમાંથી નીકળી અમે યોગનિકેતન ગયા. ત્યાં શ્રી મુક્તાનંદજી હાજર હતા. ભૂતકાળની સ્મૃતિઓને વાગોળતા પૂજ્યશ્રીએ મુક્તાનંદજીને જણાવ્યું કે, ''આજથી સત્યાવીસ વર્ષ પહેલાં અમે અહીં આવ્યા ત્યારે સ્વામી શ્રી યોગેશ્વરાનંદજીના શિષ્ય શ્રી જમનાનાથજીને અમે યોગ શિખવાડવા કહેલું. ''તેમણે વાત સ્વીકારી, પરંતુ થોડા દિવસમાં જ તેઓ અમને ઓળખી ગયા અને કહેવા લાગ્યા કે આપ સ્વયં યોગી હૈં યોગસે પૂર્ણ હૈં મૈં આપકો ક્યા યોગ સિખાઊંગા? ''

મુક્તાનંદજી સાથેની વાતચીતમાં તેમણે ઉચ્ચારેલા કેટલાક ગુજરાતી શબ્દો સાંભળીને પૂજ્યશ્રીએ તેમને પૂછ્યું કે તેઓ ગુજરાતી છે. તે ગુજરાતી હતા છતાં તેમણે સંકોચપૂર્વક ના પાડી. તેમની ના સાંભળતાં જ પૂજ્યશ્રીએ પોતાની ધારદાર વાણીમાં કહ્યું ''ક્યા આપ અપની માઁ કો નહીં પહચાનોગે? ફિર કિસકો પહચાનોગે?'' તેમને થોડાં પુસ્તકોની ભેટ આપી, પૂજ્યશ્રી સાથે અમે સૌ ઉછેલી જવા નીકળ્યાં.

રસ્તાની પૂરી જાણકારી નહોતી, પરંતુ થોડું ચાલીએ ત્યાં જ હનુમાનમંદિરવાળા સ્વામી હરિહરાનંદજી મળી ગયા તેમને મળતાં જ પૂજ્યશ્રી બોલી ઊઠ્યા ''ઓમ્ભગવાને કેવું આયોજન કર્યું છે તે તો જુઓ! કાલે લક્ષેશ્વર મંદિરે જતાં બળદેવાનંદજી મળેલા અને રસ્તો બતાવેલો અને આજે અહીં હરિહરાનંદજી મળી ગયા! પ્રભુની કેવી કૃપા છે!'' અમે દંડી સ્વામી શ્રી આત્માનંદજીની કુટિરે પહોંચ્યા. તેઓ રિટાયર્ડ આઈ.એ.એસ અધિકારી હતા. આત્માનંદજીને પૂજ્યશ્રીએ નારાયણ કર્યા અને કહ્યું, ''હમને આપકો વિક્ષેપ પહુંચાયા હૈ તો ક્ષમા ચાહતે હૈં.'' આ સાંભળતાં જ દંડીસ્વામીએ કહ્યું, ''ઈસમેં વિક્ષેપ કાયકા ! યહ સબ ઉસકા (પરમાત્માકા) કિયા હુઆ હૈ. ઉસને આપકો મેરે પાસ ભેજા હૈ ફિર વિક્ષેપ કિસ ચીજકા ? મનમેં જો ચલ રહા હૈ વહી સામને આયેગા. પૂજ્યશ્રીએ ભાવવાહી સ્વરમાં કહ્યું. ''બહોત ખૂબ''.

પ્રભુને પારખતાં પણ આવડવું જોઈએને? પ્રભુને ઓળખતાં આવડે તેને જ પ્રભુ મળે. નહીંતર

॥ સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય ॥

પ્રભુ સાથે ને સાથે હોય છતાંય ખબર ન પડે. આ વાત દંડી સ્વામી પાસેથી જાણવા મળી. દંડીસ્વામી શ્રી આત્માનંદજીએ ફોટો લેવાની ના પાડી, વાતચીત ટેપ કરવાની ના પાડી, કોઈ ભેટ-પ્રસાદી લેવાની ના પાડી ત્યારે પૂજ્યશ્રીએ અમારી પાસેનાં થોડાં ફળ લઈ સ્વહસ્તે સ્વામીજીને આપતાં કહ્યું કે "યહ તો આપકો લેને હી પડેંગે, અત્યાચાર કહો તો અત્યાચાર સમજ કર, ક્યોંકિ અતિ પ્રેમકા દૂસરા નામ હી અત્યાચાર હૈ." આટલું સાંભળી દંડી સ્વામીજીએ ફળોનો પ્રેમપૂર્વક સ્વીકાર કર્યો.

પાછા ફરતાં રસ્તામાં બાબા પીર રતનનાથજીની દરગાહ જોવા ગયા. ત્યાંના સેવક પોતાનો કરોડોનો વેપાર છોડી અહીં સેવાર્થે રોકાયેલા છે એ વાત જાણી પૂજ્યશ્રીએ હળવી મજાક કરતાં અમને કહ્યું પણ ખરું કે "તમારામાંથી કોણ પોતાનો ધંધો છોડી ગુરુજીની સેવા કરવા તત્પર છો? " અમે સૌએ નીચા મોઢે પૂજ્યશ્રીની સચોટ મજાકને સાંભળી લીધી. આશ્રમે આવી સૌ પોતપોતાના કાર્યમાં લાગી ગયા. સ્વહસ્તે રસોઈ કરી અમે જમી લીધું.

તા.૧૪-૫-૯૦ના રોજ સવારે હું વહેલો જાગી ગયો હતો. બરાબર છ ના ટકોરે પૂજ્યશ્રીએ કહ્યું "શેખરભાઈ, ચાલો આપણે ફરવા જઈએ." હું ખુશખુશ થઈ ગયો અને પૂજ્યશ્રી સાથે બહાર નીકળ્યો. સાથે બિપિનભાઈ પણ હતા. અમે બાજુમાં આવેલા પુલ ઉપર ગયા. પુલ ઉપરથી ગંગાજીની મસ્તી,પર્વતોની વનરાજી માણતા માણતા અમે સામે કિનારે પહોંચ્યા. સામે કિનારે પહોંચી પૂજ્યશ્રી કહે "ભૂતકાળમાં જ્યારે અમે આવ્યા હતા ત્યારે આ પુલ નહોતો, એ વખતે દોરડા ઉપર જુદા જુદા અંતરે ટોપલા બાંધેલા. એક ટોપલામાંથી બીજા ટોપલાંમાં પગ ગોઠવતા ગોઠવતા નદી પાર કરવી પડતી'તી અને હવે તો આ મોટો પુલ થઈ ગયો. પુલ ઉપરથી કાર-ટ્રક જેવાં વાહનો પણ સહેલાઈથી પસાર થઈ શકે છે." સવારના આહ્‌લાદક વાતાવરણમાં કુદરત સોળે કળાએ ખીલેલી. પૂજ્યશ્રીની આંગળી લેન્સ ઉપર આવી ગઈ છે." એ વાતની જાણ મેં પૂજ્યશ્રીને કરી ત્યારે પૂજ્યશ્રીએ સાહજિકતાથી કહ્યું કે "ફોટો લીધા પછી આવી ગઈ હશે" થોડો સમય વિચાર કર્યા બાદ પૂજ્યશ્રીએ એ વાતને આગળ ચલાવતા કહ્યું કે "શેખરભાઈ, તમે અત્યારે જે ટકોર કરી તે ડૉ. સદ્‌ગુરુસમર્પણભિક્ષુજીની હાજરીમાં કરી હોત તો તેઓ તમારા ઉપર ગુસ્સે થાત. તેઓ તમારી જેમ એ વાત કહે જ નહીં અરે! બધા ફોટા પાડતી વખતે અમારી આંગળી લેન્સ ઉપર આવી ગયેલી હોય તોપણ તેઓ કાંઈ ના બોલે. વળી રોલ ધોવડાવીએ અને એકે ફોટો ન આવે ત્યારે અમે પૂછીએ કે આમ કેમ બન્યું ? તો તેનો પણ જવાબ ન આપે, માત્ર હસ્યા કરે. ડૉ. સદ્‌ગુરુસમર્પણભિક્ષુજીની આવી અવર્ણનીય મર્યાદા છે!"

મેં પૂછ્યું "ગુરુજી ! આપના એક વર્ષો જૂના ભક્ત આપની નજીક બેસે છે, આપને અનેક પ્રશ્નો કરે છે, આપની સાથે આત્મીયતાથી વાતો કરે છે, જ્યારે ડૉ.ભિક્ષુજી, ધ્યાનભિક્ષુજી આપની સાથે આપના કહેવા છતાંય કેમ બેસતા નથી?" પ્રશ્ન સાંભળીને ગુરુજીએ હસતાં હસતાં કહ્યું "મારા જૂના ભક્ત મને નાનપણથી ઓળખે, મારી સાધક અવસ્થાથી ઓળખે, પૂર્વાશ્રમના મુગટરામમાંથી તેઓ મને ગુરુજી તરીકે માનવા લાગ્યા છે, મને પૂજવા લાગ્યા છે. પરંતુ હજુ તેઓ તેમનો મિત્રભાવ ભૂલી નથી શક્યા. જ્યારે ડૉક્ટરભિક્ષુજી, ધ્યાનભિક્ષુજી વગેરે ભક્તો મને ગુરુજી તરીકે જ ઓળખે છે માટે તેઓ શિષ્યભાવે વર્તે છે અને તે બરાબર પણ છે."

પૂજ્યશ્રીનો જવાબ સાંભળી મને મનમાં થયું કે નાહક પ્રશ્નો પૂછીને હું તેમને હેરાન કરું છું. પૂજ્યશ્રી

॥ સત્યધર્મ ગુરુદેવ કી જય ॥

મારા મનની વાત પામી ગયા અને મને કહ્યું "શેખરભાઈ, તમારા જેવા માણસોની પણ જરૂર છે. મારી દેખીતી ભૂલને જો યોગ્ય સમયે કહેવામાં ના આવે તો નુકસાન થાય ને? અર્જુન ભક્ત હોવા છતાં સખાભાવે, જ્યારે ઉદ્ધવજી, દાસ ભાવે શ્રી કૃષ્ણને ભજતા હતા ને? શ્રી કૃષ્ણને ભગવાન ગણતા હતા ને? આમ, ગમે તે ભાવે ભક્ત બનવાનું છે."

આટલું કહી પૂજ્યશ્રી અટક્યા. થોડા સમય બાદ મુનિશ્રી કપિલાચાર્યની વાત કરી. "શ્રી કપિલાચાર્ય બાળક હતા ત્યારે જ તેમનાં માતાપિતાને ખબર પડી ગઈ કે એ બાળક દેવનો અંશ છે. તેથી તેમના માતાપિતા તેમને પુત્ર હોવા છતાં ગુરુ માનતાં હતાં. પણ કપિલાચાર્ય તો તેમનાં માતાપિતાને પૂજ્યભાવે જ જોતા હતા, માતાપિતા જ માનતા હતા." આટલું કહી પૂજ્યશ્રીએ સમજાવી દીધું કે જેવા ભાવથી ભક્તિ કરીએ તેવું ફળ મળે.

પૂજ્યશ્રીએ વાતનો દોર ચાલુ રાખતાં આગળ જણાવ્યુ કે "શ્રી નિત્યાનંદજી મહારાજે તેમના શિષ્યને કહ્યું કે આ રૂમમાં પાણી પડે છે તો મારા ખભા ઉપર પગ મૂકી તું છત ઉપરનાં નળિયાં સરખાં ગોઠવી દે. શિષ્યે કહ્યું કે પ્રભુ, મારાથી આપના ખભે પગ કેવી રીતે મુકાય?ત્યારે નિત્યાનંદજીએ કહ્યું કે તારાથી મારા ખભે પગ ના મુકાય પણ તું મારી જીભ ઉપર પગ મૂકી રહ્યો છું. જો તું ખભે પગ મૂકવાની ગુરુઆજ્ઞા ના માને તો ગુરુઆજ્ઞાનું પાલન ના કરવા બદલ જીભ ઉપર પગ મૂક્યો ગણાય."

કેટલી ઊંચી શિખામણ ! પૂજ્યશ્રીનો આટલો સત્સંગ સાંભળી મારા વિચારોને નૂતન દિશા સાંપડી. સવારે સાત વાગ્યે અમે આશ્રમે પાછા આવી ગયા. પૂજ્યશ્રીએ પંકજભાઈને જીપ લઈ આવવા કહ્યું. પંકજભાઈ જીપની તપાસ કરી આવ્યા અને કહ્યું કે બરાબર આઠ વાગ્યે જીપ આવી જશે. બધાનો સામાન તૈયાર હતો. સૌ પોતપોતાનો સામાન ઉતારવા જતા હતા ત્યાં જ પૂજ્યશ્રીએ કહ્યું, "માણસ મારફતે સામાન ઉતરાવો. અહીં ગરીબી ખૂબ છે. આપણે તેમને પણ કંઈક આપવું જોઈએ." દયાનિધિ-દયાળુ ગુરુજીના આ સ્વરૂપનાં પણ આજે અમને બધાને દર્શન થયાં.

અમે અમારો બધો સામાન જીપમાં પેક કરી બરાબર આઠ વાગીને પિસ્તાલીસ મિનિટે ગંગોત્રી તરફ પ્રયાણ કર્યું.

ઉત્તરકાશીથી ગંગોત્રી જવા માટે અમે સૌ એક જ જીપમાં ગોઠવાયા. સામાન બહુ હતો તેથી બધાને બેસવાની સંકડાશ પડતી હતી. તે જોઈ પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીએ કહ્યું 'બધાને ફાવે છે ને? અંદર અંદર બરાબર એડજસ્ટ થઈ ગયા ને? " એક જ વાક્યમાં પૂજ્યશ્રીએ અમને સૌને અણમોલ શિખામણ આપી દીધી કે જીવનવહેવારમાં પણ એકબીજાને અનુકૂળ થઈને જીવશો તો જરાય તકલીફ નહીં પડે આમ જ્ઞાન સાથે ગમ્મત કરતા કરતા આજુબાજુનું પ્રાકૃતિક સૌંદર્ય માણતા અમે મુસાફરી કરી રહ્યા હતા. ઉત્તરકાશીથી લગભગ ૧૮ કિ.મી દૂર ગંગનાની આવે છે. ગંગનાનીમાં ગરમ પાણીના કુંડ છે. અમે ગંગનાની આવતાં કુંડ જોવા નીચે ઊતર્યા.

ગંગનાની ઊતરતાં જ પૂજ્યશ્રીએ તેમની સત્યાવીસ વર્ષ પહેલાંની ગંગનાની મુલાકાત વિષે અમને જણાવ્યું-

'અમે પ્રથમ વખત આ સ્થળે ઉત્તરકાશીથી ચાલતા આવેલા. સખત ઠંડી હતી. પગમાં ફોલ્લા પડી ગયા હતા. દાંતમાં સખત દુખાવો થતો હતો. મસોડા બધા ફૂલી ગયેલાં અને શરીર સખત દુઃખતું હતું, ધ્રૂજતું હતું તે વખતે આ સ્થળે મિલિટરીનો પડાવ હતો. ચીન

**॥ સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય ॥**

સાથે યુદ્ધ ચાલતું હતું. કડક ચેકિંગ. અમારે ગંગોત્રી જવું હતું પણ મિલિટરીવાળાએ ચોખ્ખી ના પાડી દીધી. અહીં કોઈ જાતની સગવડ નહીં, રાત પણ મિલિટરીવાળા જોડે તેમના તંબુમાં ગાળવી પડેલી. ઠંડીના કારણે ધાબળા પણ મિલિટરીવાળાના ઓઢેલા. બીજે દિવસે અમે અહીંથી ચાલતા ચાલતા ઉત્તરકાશી પાછા જવા નીકળેલા.'

આમ, પૂજ્યશ્રી સાથે વાતો કરતા કરતા અમે ગરમ પાણીના કુંડ જોવા ઉપર ગયા ગંગનાનીમાં પહેલા ત્રણ કુંડ હતા, બ્રહ્મકુંડ, વ્યાસકુંડ અને ત્રીજો કુંડ. હાલમાં માત્ર બે જ કુંડ છે. એકમાં પુરુષો સ્નાન કરે છે અને બીજામાં સ્ત્રીઓ. આ ગરમ પાણીના કુંડનો પણ મહિમા છે. તેમાં સ્નાન કરવાથી શરીરનો થાક ઊતરી જાય છે અને અમુક પ્રકારના રોગ મટી જાય છે. કુંડના પાણીનો મહિમા સમજાવતાં પૂજ્યશ્રીએ કહ્યું કે 'આ કુંડનું પાણી કાંઈ ચમત્કારિક નથી. પરંતુ આ પાણી જે પથ્થરોમાંથી આવતું હશે તે પથ્થરોમાંનાં અમુક ખનીજ દ્રવ્યો આ પાણીમાં ભળતાં હશે, અને તેના કારણે તે શરીરના કેટલાક રોગો ઉપર અસરકારક થતું હશે.' આટલું કહી પૂજ્યશ્રી પોતાના પગ કુંડના પાણીમાં બોળી થોડો સમય બેઠા અને થાક ઉતાર્યો. કુંડ ઉપરથી પાછા આવી અમે સૌ જીપમાં ગોઠવાયા અને ગંગોત્રી તરફ પ્રયાણ કર્યું.

રસ્તામાં ધાસુરા ગામે થોડો સમય રોકાઈ અમે ચા-નાસ્તો કર્યો ધાસુરાથી નીકળી અમે ગંગોત્રી પહોચ્યાં. ત્યાં પહોંચીને અમે કાળી કમલીવાળા આશ્રમની તથા બીજા બે-ત્રણ આશ્રમની તપાસ કરી. ત્યાંની રૂમો પૂજ્યશ્રી માટે અનુકૂળ ન લાગતાં ક્યાં મુકામ કરવો તે પ્રશ્ન થઈ પડ્યો. અમે રૂમ શોધતા હતા તે દરમ્યાન પૂજ્યશ્રીના કહેવાથી અમે દંડીસ્વામીશ્રી અચ્યુતાનંદજીના આશ્રમમાં ગયા. દંડીસ્વામીના આશ્રમમાં રૂમો સારી હતી પરંતુ બધાની સગવડ થાય તેવી નહોતી. છેવટે તાત્કાલિક ગંગા હોટલમાં રોકાવાનું નક્કી કર્યું.

કરુણામૂર્તિ પૂ. ગુરુદેવ પોતાના ભક્તો માટે કેટલી હદ સુધી સહન કરે છે! અમારા માટે તેઓ આશ્રમ છોડી લોજમાં ઊતર્યા. બે રૂમોમાં સામાન ગોઠવી દીધો. રાત્રે જમી પરવારી અમે સૌ આરામ કરવા લાગ્યા. પૂજ્યશ્રીને અમારી સાથે લોજમાં રહેવું પડેલું તેનો બધા ગુરુપ્રેમીઓને મનમાં ખૂબ કચવાટ રહ્યો. કારણ કે અમને બધાને આશ્રમમાં રહેવાની ખૂબ ઈચ્છા હતી.

બીજે દિવસે સવારે પ્રાત:કર્મથી પરવારી અમે ગંગામૈયાના મંદિરે દર્શન કરવા ગયા. પૂજ્યશ્રીએ મંદિરના વ્યવસ્થાપકને પૂછીને ગંગાદાસ ફલાહારીબાબાના આશ્રમે જવાનો રસ્તો જાણી લીધો.તે ભાઈએ પહાડ ચઢવામાં તકલીફ ન પડે તે માટે પૂજ્યશ્રીને એક લાકડી પણ આપી. અમે ગંગાજીના કિનારે કિનારે ફલાહારીબાબાના આશ્રમે જવા નીકળ્યાં વચ્ચે હંસગુફા આવી. ગુફામાં પૂ.હંસાનંદજી સ્વામી રહેતા હતા. તેમની ઉંમર આશરે એકસો પાંચ વર્ષની હતી. તેઓ ગાયત્રીના પરમ ઉપાસક હતા. તેમણે ગૌમુખ અને તપોવનમાં પણ સાધના કરી હતી. પૂજ્યશ્રી અને સ્વામી હંસાનંદજી એકબીજાને મળીને ખૂબ ખુશ હતા. બંને વચ્ચે આત્મીયતાસભર વાતો થઈ. અમે પ્રણવવંદના અને ગુરુઅષ્ટક બોલ્યા.શ્રી હંસાનંદજીએ અમને ઈલાયચી તથા લવિંગનો પ્રસાદ આપ્યો. હંસગુફામાં ઘણો સમય પસાર થઈ ગયો તેથી ફલાહારીબાબાના આશ્રમે જવાનો વિચાર માંડી વાળી અમારી હોટલની બાજુમાં આવેલા કૃષ્ણાશ્રમમાં ગયા.

(વધુ આવતા અંકે)

॥ સત્યધર્મ ગુરુદેવ કી જય ॥

# સુધારાને કોઈ સીમા-મર્યાદા ખરી?

-યોગભિક્ષુ

આજ-કાલ આપણા સૌ ઉપર "સુધરી જવું છે"નું ગાંડપણ સવાર થઈ બેઠું છે. આર્ય સંસ્કૃતિને અનુરૂપ તપ-ત્યાગના આચાર-વિચારમાં આપણને સંકુચિતતા લાગે છે અને પોતાના દેશ, કાળ અને પરિસ્થિતિને અનુરૂપ રિતરિવાજોના પાલનમાં આપણને જુનવાણીપણું ભાસે છે. સુધારાના બહાને સ્વચ્છંદપણે અને ભોગવિલાસમાં બેફામપણે રાચતા લોકોને જોઈને આપણે પણ વિવેકાંધ બનીને તેમનું અનુકરણ કરવા માટે મૂઠીઓ વાળીને દોટ મૂકીએ છીએ. અંદરખાનેથી સંપૂર્ણપણે અકલ્યાણકારી પણ ઉપરથી જોતાં ચકાચોંધભર્યું જીવન જીવનારાઓને જોઈને આપણને એમ થાય છે કે એ બધા ખાઈ ગયા અને આપણે રહી ગયા. આ બધાં કારણોસર આપણે પણ નાકવઢાના પંથમાં ભળીને સુધરવા (!) માંડીએ છીએ. પણ પાઘડીનો વળ છેડે આવે છે ત્યારે ખબર પડે છે. અને અમુક જડભરતોને તો, તો પણ ખબર નથી પડતી. આ વાતને આ રીતે થોડી વધુ સમજવાનો પ્રયત્ન કરીએ :

ગામડામાં રહેતું એક કુટુંબ શહેરના ભપકાથી અંજાઈને શહેરમાં રહેવા આવ્યું. પછી તો તે ધીરે ધીરે શહેરના સુધરેલાઓ(?)ના પરિચયમાં આવ્યું. તેથી તેમને, પોતાના કુટુંબના રિતરિવાજો જુનવાણી લાગવા માંડ્યા. તેમને થયું કે આપણા કુટુંબમાં જે લાજ કાઢવાનો રિવાજ છે તે જુનવાણી છે. તેથી તે રિવાજ કાઢી નાખ્યો. આ કારણે ઘરમાં સૌને ઘણી મોટી સગવડતા લાગી. પછી અન્ય સ્વછંદીઓના સંપર્કમાં આવવાથી તેમને પોતાનું શાકાહારીપણું પણ જુનવાણી લાગ્યું. અને તેથી તેમણે તમાકું, દારૂ, માંસ, મચ્છી વગેરે પણ ખાવા-પીવાનું પ્રારંભી દીધું. અને પોતાને ખૂબ પ્રોટીન મળે છે એવી માન્યતામાં રાચવા લાગ્યાં. એક વખત તેમને ખૂબ સુધરેલા (!) કુટુંબમાં જવાનું થયું. ત્યાં તેમણે સ્ત્રી-પુરુષોને પરસ્પર ખૂબ સ્વતંત્રતા (સ્વચ્છંદતા)થી વર્તતા જોયા. તે જોઈને તેમને થયું કે આટલો સુધારો (!) તો હજુ આપણા કુટુંબમાં બાકી જ છે. સુધારો(!) વળી શા માટે બાકી રાખવો જોઈએ? શુભસ્ય(!) શીઘ્રમ્. પછી તો તે કુટુંબનો સ્ત્રી-વર્ગ પરપુરુષોના સંપર્કમાં અને પુરુષવર્ગ પરસ્ત્રીઓના સંપર્કમાં આવવા લાગ્યો. પરિણામે વ્યભિચારને મોકળું મેદાન મળ્યું. કુટુંબની અંદર પણ, સ્ત્રી-પુરુષોમાં, પરસ્પર વધુ સંપર્કમાં આવવાથી ગેરવર્તન શરૂ થઈ ગયું. હવે 'જુનવાણીપણું'(!) બધું જ નીકળી ગયું, ખૂબ સુધારો(!) થઈ ગયો. હવે કાંઈ સુધારો બાકી રહ્યો? હા હજુ સુધારા(!)નું એક ખરું ચરણ તો બાકી જ છે. અનુભવીની વાણી છે ને કે જર, જમીન અને જોરુ એ ત્રણે કજિયાના છોરું. છેવટે સુધારા(!)ના છેલ્લા ચરણમાં સગા બાપે જ પુત્રને ઝેર દઈને મારી નાખ્યો, કેમ કે પિતાને પુત્ર, પુત્રવધૂ સાથેના સંબંધમાં નડતરરૂપ લાગતો હતો. અને પુત્રીએ પોતાના પતિનું જ ખૂન કરાવી નાખ્યું. કારણ કે પોતાના પુરુષમિત્રના સંબંધમાં પતિ નડતરરૂપ લાગતો હતો. જુનવાણીપણાને છોડનારું કે સુધારાને અપનાવનારું હવે પાછળ કોઈ બચ્યું જ નહીં.

આ વાત હજુ ખૂબ લાંબી થઈ શકે તેમ છે. પણ કહેવાનું તાત્પર્ય આટલાથી જ સમજાઈ જાય છે. મૂળ વાત સરળતાથી સમજાઈ જાય એટલે ઉપર પિતા-પુત્રી વગેરેનું દૃષ્ટાંત આપ્યું છે. આમ જ બને એમ કહેવાનું નથી. આંધળા અનુકરણમાં ન અંજાતા, સમજી-વિચારીને 'સુધારા'ની પણ સીમા-મર્યાદા બાંધવી જોઈએ.

॥ સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય ॥

## અહંકાર

સમય પસાર કરવા માટે જેમ અનેક પ્રકારનાં મનોરંજનો માણીએ છીએ, તેવી જ રીતે જીવન પસાર કરવા માટે પણ અનેક પ્રકારનાં પાત્રો ભજવીએ છીએ. (જેમ કે, પિતા-પુત્રઃ કાકા-ભત્રીજા; મામા-ભાણેજ; શેઠ-નોકર; લુહાર-સુથાર; ધનવાન-ગરીબ; બચપન-જુવાની વ.વ.) જો આ સત્ય તત્ત્વતઃ આત્મીય થઈ જાય, તો સંપૂર્ણપણે ભારમુક્ત થઈ જવાય.

કુદરતી રીતે જ મળેલાં પાત્રો ભજવવાનો મોકો મળવાથી અનેકવિધતા પ્રાપ્ત થાય છે અને જીવન જીવવામાં કંટાળો નથી આવતો અને થાકનો અનુભવ ખૂબ ઓછો થાય છે.

"હું કરું- હું કરું" ના હાથી ઉપરથી હવે તો હેઠા ઊતરીએ !

એક જૂની, જાણીતી અને અતિ ઉપયોગી કથા છે કે, બાહુબલીજીએ ભીષણ તપ કર્યું, પણ અહંકારને વશ થઈને કર્યું. તે વખતે તેમને તેમની બેનોએ "હાથીએથી હેઠા ઊતરો વીરા મારા" એમ કહીને ચેતવ્યા. તેઓ આ ટકોરથી ચેતી ગયા અને અહંકારના હાથી ઉપરથી નીચે ઊતરી ગયા અને ત્યારે જ તેઓ સાચા અર્થમાં બાહુબલી બની શક્યા.

આમ તો આ કથા અતિ પ્રાચીન છે પણ સૂક્ષ્મ રીતે વિચારતાં અતિ અર્વાચીન પણ જણાય છે. આપણા જીવનમાં બનતી રોજની રામાયણ છે આ. જાણ્યેઅજાણ્યે આપણે સૌ ભૂતકાળના બાહુબલીને વર્તમાનકાળમાં યેનકેન પ્રકારેણ ખેંચી લાવીએ છીએ અને પછી તેને હાથી ઉપરથી નીચે જ ઊતરવા નથી દેતા; જેથી જીવનમાં સહેજે પ્રાપ્ત થયેલું બધું અમૃતરૂપી સુખ ઝેરરૂપી દુઃખમાં ફેરવાઈ જાય છે, જીવનની બધી જ મસ્તી-મજા મારી જાય છે.

આ ઝેરને પુનઃ અમૃત બનાવવા માટે અર્થાત્ આપણને ચેતવવા માટે કોઈ બેન જુદાં જુદાં નામ-રૂપે આવે ત્યારે આપણે ચેતી જઈએ તો કેવું સારું !

## આરોહ-અવરોહયુક્ત ધ્યાન

મન-ચિત્ત અતિચંચળ છે. તે જ મનન કરે ત્યારે મન, ચિંતન કરે ત્યારે ચિત્ત, નિર્ણય લે ત્યારે બુદ્ધિ અને હયાતીની પ્રતીતિ વખતે અહંકાર કહેવાય છે. બુદ્ધિશાળી તે છે જે મનની ચંચળતાને લક્ષમાં લઈને તેની જોડે કામ લે. મન સ્વભાવથી ચંચળ છે તેથી મનને અસ્થિર તો થવા દેવું, પણ તેની પોતાની ઇચ્છા પ્રમાણે નહીં, પણ આપણી ઇચ્છા પ્રમાણે. જેમ કે;

બે પહેલવાનો છે. બંનેમાં શક્તિ સમાન છે. પણ એકમાં બુદ્ધિ વધુ છે. બંને કુસ્તીમાં ઊતરે છે. ઓછી બુદ્ધિવાળો સામાને પછાડવા જાતજાતના દાવ અજમાવે છે અને ખૂબ શક્તિથી લડે છે, જ્યારે બુદ્ધિવાળો બુદ્ધિપૂર્વક, ધીરજથી સામાના દાવને સમજવાનો પ્રયત્ન કરે છે. ઓછી બુદ્ધિવાળાએ વધુ બુદ્ધિવાળાને પછાડવા જેવો અને જે તરફ ઝટકો-આંચકો માર્યો, તે જ વખતે વધુ બુદ્ધિવાળાએ એવો અને એ તરફ જ આંચકો મારીને

ઓછી બુદ્ધિવાળાને ભોંય ભેગો કરી દીધો. પ્રતિસ્પર્ધીની તાકાતની સાથે પોતાની તાકાત ભેળવીને આસાનીથી વિજય મેળવી લીધો. ધ્યાનમાં પણ આ રીત અજમાવીને સહેજમાં સફળ થઈ શકાય છે. જેમ કે;

આસનસ્થ થઈ જમણા પગના અંગુઠાથી ધ્યાનની શરૂઆત કરવી. મન, તેના સ્વભાવ મુજબ થોડો સમય ત્યાં સ્થિર રહીને પછી બીજે ભાગવા તૈયાર થશે. એ વખતે એને ભાગવા દેવાનું, રોકવાનું નહીં. નહીં તો મનની સ્થિતિ ખૂબ દબાયેલી સ્પ્રિંગ જેવી થશે. ખૂબ દબાયેલી સ્પ્રિંગ તુટી જાય છે અથવા છટકે છે. મનને તુટવા પણ ના દેવું કે છટકવા પણ ન દેવું. તેને બીજા સ્થાનમાં જવા દેવું, પણ સ્વચ્છંદપણે નહીં, આપણા અનુશાસન પ્રમાણે. અંગુઠાથી મન ભાગવાની તૈયારી કરે કે તરત જ તેને પગની પાનીમાં સ્થિર કરવું. એ જ પ્રમાણે જ્યારે જ્યારે મન અસ્થિર થવાની તૈયારી કરે કે તરત જ સ્થાન બદલવું. પાનીમાંથી પિંડીમાં, પછી ઢીંચણમાં, પછી સાથળમાં, પછી લિંગસ્થાનમાં પછી નાભિમાં, પછી હૃદયસ્થાનમાં, પછી કંઠસ્થાનમાં, પછી નાકની અણી ઉપર, પછી બે નેણની વચ્ચે અને પછી મસ્તકના મધ્યસ્થાનમાં. એ જ પ્રમાણે પછી ક્રમે નીચે ઊતરીને અંગુઠા સુધી આવવું. ધ્યાનનો આ પ્રકાર ખૂબ પ્રભાવશાળી અને નિરાપદ છે.

## માનવી પોતાથી છેતરાયે

-યોગભિક્ષુ

**માનવી, પોતાથી છેતરાયે; માનવી, પોતાથી છેતરાયે... (ધ્રુવ)**

સત્કર્મોમાં શ્રદ્ધા ન રાખે, જોશી, ભૂવાને બોલાવે;
બકરું કાઢતાં, ઊંટને પેસાડે, મૃગજળ કદી ન હાથ લાગે. ...માનવી.

માવતરને રાખે ઘરડાંઘરમાં, ગુરુને વનવાસ આપે;
આડાં-અવળાં, બહાનાં બતાવી, પોતે પરદેશ મહાલે. ...માનવી.

પૂનમ ભરવા, માતાએ જાય પણ, મા સાથે અબોલા રાખે;
પાળિયાને સિંદૂર-થાપા ચડાવે, બાપાને પોતિયું ન આપે. ...માનવી.

પુત્રની આશે, માનતા માને ને, મૂર્તિને ચૂંદડી ચઢાવે;
ગૃહલક્ષ્મીની ચૂંદડીનાં ચીથરાં, તેની નજરુમાં ના'વે. ...માનવી.

લોટરી માંગે, હનુમાન પાસે, સંયમમાં પ્રીત નવ રાખે;
મર્યાદા લોપ્યે, બ્રહ્મચારી કોપે, પૂંછડાની ઝાપટ નાખે. ...માનવી.

ગ્રહ-નક્ષત્ર-દેવ-દેવી-યક્ષ-કિન્નર, ઈશ્વર ઈશારે નાચે;
ઈશ્વરને છોડી, 'યોગભિક્ષુ' તું, શા માટે પાખંડ યાચે. ...માનવી.

**॥ સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય ॥**

अीश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।




(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है अैसा पुरुषविशेष/चेतनविशेष अीश्वर है।
(२५) अीश्वर संपूर्ण सर्वज्ञ है।
(२६) अीश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है।
(२७) अीश्वर का नाम प्रणव/ओम् है।
(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।
(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

---

## ● ટ્રસ્ટના ઉદ્દેશો

(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતન તત્ત્વ કે જેનું નામ પ્રણવ (ઓમ્–ૐ) છે તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવાનો પ્રયત્ન કરવો. (૨) 'યોગ'નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે સાહિત્ય દ્વારા આધ્યાત્મિક જ્ઞાનનો પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત 'બહુજનહિતાય–બહુજનસુખાય'ને લગતાં કાર્યો, જેવાં કે, કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

To,

લવાજમ મોકલવાનું કે રુતમ્ભરાને લગતો પત્રવ્યવહાર કરવાનું સ્થળ :


તંત્રીશ્રી,

**‘ÁíkB¼hk’ Mkk{rÞf,**

**yku{TøkwÁ «u{Mk{ÃkoýæÞkLkr¼ûkw Ãkrhðkh xÙMx**

સી-૩૯, રવિકુંજ એપાર્ટમેન્ટ,

પ્રભાત ચોક, ઘાટલોડિયા, **અમદાવાદ-૩૮૦૦૬૧.**

૯૮૨૫૪૪૩૬૪૨


**લવાજમદર :**

| | | |
|---|---|---|
| ત્રિવાર્ષિક સભ્ય *(ભારતમાં)* ... | ₹ | ૧૦૦-૦૦ |
| આજીવન સભ્ય *(ભારતમાં)* ... | ₹ | ૫૦૦-૦૦ |
| ત્રિવાર્ષિક સભ્ય *(પરદેશમાં)* ... | $ | ૫૦-૦૦ |
| આજીવન સભ્ય *(પરદેશમાં)* ... | $ | ૧૫૦-૦૦ |

**સૂચના :-**

(૧) લવાજમ ચેક, ડ્રાફ્ટ અથવા મનીઓર્ડર દ્વારા "ઑમ્‌ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ" ના નામે મોકલવું. સાથે આપનું પૂરુ નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવાં.

(૨) જે સભ્યના રહેઠાણનું રુતમ્ભરા અંક મોકલવાનું સ્થળ બદલાયું હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરુ સરનામું L.M. નંબર સાથે લખી મોકલવું, જેથી વ્યવસ્થાપકો દ્વારા અંક મોકલવામાં સરળતા રહે.


E-mail : aumparivar@yahoo.com
Mob. : 9313675728



Registrar of News Papers of India
under Regd. No. 48770/90
L-5/131/QTY./34/90-91
**Published on Every 3 Months**


**આદ્ય સંસ્થાપક તથા આધ્યાત્મિક વડા**

**પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી**


PRINTED & PUBLISHED BY :-

**AUMGURU PREMSAMARAPANDHYANBHIKSHU PARIVAR TRUST**

(Reg. No. E/4416 Date 11-5-81)

**From** : C-39, Ravikunj Apartment, Ghatlodia, Ahmedabad-61.

**Printed at** : Shardul Printing Press

**Hon. Editor** : Minish Patel

I.T.Exe. DIT (E)/80G(5) / 252 / 2008-09


**"સત્ય ધર્મ કી જય હોગી,**
**તભી વિશ્વ શાંતિ હોગી.**
**સત્ય ધર્મ કી હોગી જય,**
**તભી સભી હોંગે અભય."**


Web : www.yogabhikshu.org
Facebook : yogabhikshu.aumparivar